Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-1, June-2023
www.researchguru.net

# રાષ્ટ્રના મુક્તિસંગ્રામ અને નવસર્જનમાં ભક્તિલક્ષ્મી દેસાઈનું પ્રદાન

**ડૉ. સુનિતાબેન સિંઘાભાઈ વસાવા**

અનુસ્નાતક ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, મો. નં. : 9586913036

ઈ-મેલ : vasavasunita448@gmail.com

**પૂર્વભૂમિકા :**

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં મહિલાઓને લડતમાં સામેલ કરી, હિંદીઓમાં જે રાષ્ટ્રીય જાગૃતિનો થનગનાટ પ્રગટાવ્યો, ત્યારથી મહિલા શક્તિનો પરચો તેમણે દુનિયા સમક્ષ રજૂ કર્યો. ભારતમાં આવીને ગાંધીજીએ મહિલા શક્તિમાં અવનવો જુવાળ પ્રગટાવ્યો. તેમાં મુખ્યત્વે દારૂના પીઠાના અને વિદેશી કાપડની દુકાનોના પિકેટિંગના કાર્યક્રમમાં બહેનોએ ઘણા જ ઉત્સાહથી કાર્ય કર્યું હતું. મહિલાઓએ નથી અપમાન ગણ્યાં કે નથી તડકો ગણ્યો. ઈ.સ. ૧૯૨૦-૨૨ના આંદોલનથી જ નંદુબહેન કાનુગા, ગંગાબહેન અને ભક્તિબા વગેરે જેવી અનેક મહિલાઓએ સ્વરાજ્ય પ્રાપ્તિની લડતમાં જોડાઈ. તેમાં તેમણે દારૂ અને વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગનું કાર્ય, પોતે ખાદી અપનાવી, સ્વદેશીનો પ્રચાર કાર્ય, જેલમાં જવું વગેરે તે સમયે બહેનો માટે નવાઈની વાતો હતી તે સમયે બહેનોએ વિદેશી કાપડ ઉઘરાવી સરઘસ આકારે જઈ તેની હોળી કરવામાં આવતી તે કાર્યમાં બહેનો ભાગ લેતી હતી.

ગાંધીજીએ બહેનોને ઘરની ચાર દિવાલોમાંથી બહાર કાઢી. આ બહેનોએ પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસાવી સત્યાગ્રહની લડતમાં પહેલીવાર જાહેર જીવનમાં બહાર આવી. જાહેર વ્યાખ્યાનો, પિકેટિંગ પ્રવૃતિ, જેલયાત્રા, પ્રભાત ફેરીઓ, કાંતણ વર્ગો ઈત્યાદિ કાર્યોમાં પુરૂષો સાથે ખભેખભો મિલાવીને તેમણે આઝાદીની ચળવળમાં પોતાનો ફાળો નોંધાવ્યો હતો. ગાંધીજીએ જ્યારે મહિલાઓને સત્યાગ્રહ માટે આહવાન કર્યુ ત્યારે અનેકવિધ મહિલાઓએ રાષ્ટ્રના મુક્તિસંગ્રામમાં પોતાનું આગવું યોગદાન આપ્યું હતું. તેમાંના બત્રીસલક્ષણાના ભોગ જેવું મહત્વ મેળવવાના જો કોઈ હક્કદાર હોય તો તે ભક્તિલક્ષ્મી દેસાઈ કે જેમણે આઝાદીની લડતમાં આગવું યોગદાન આપ્યું. પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને મુક્તિ અપાવવા અને નવસર્જનમાં સમર્પિત કર્યૂ અને તેના દ્વારા પોતે પણ સ્ત્રીનેતા તરીકે ઊભરી આવી હતી. આવી જ રીતે પોતાની આગવી સૂઝ સમજનો લાભ દેશને આપ્યો હતો. તેમના દ્વારા ઘણી બહેનોએ પણ પગરણ માંડ્યા હતા. તેથી, સત્યાગ્રહોમાં મહિલા નેતાઓના ઝૂંડે ઝૂંડ ઊભા થયા હતાં. ભક્તિબા એવા 'સ્ત્રીરત્ન' હતા કે જેમણે પોતાને મળતી સુવિધાઓને ત્યાગી દેશસેવામાં વધારે રસ ધરાવતા હતા. આવી રીતે ભક્તિબાએ દેશસેવાના ઘણા કાર્યો કર્યા હતા.

**પ્રારંભિક જીવન :**

ભક્તિબાનો જન્મ ૧૬ ઓગસ્ટ ઈ.સ. ૧૮૯૯માં શ્રાવણ સુદ દશમને દિવસે સુરેન્દ્રનગર જિલ્લાનાં લીંબડી ગામે થયો હતો.[1] તેમનું મૂળ નામ ભક્તિલક્ષ્મી હતું. તેમના પિતાનું નામ ઝવેરભાઈ અને માતાનું નામ દિવાળીબા હતું. ભક્તિબા બચપણથી જ સુંદર શરીર, તેજસ્વી નેત્ર અને આકર્ષક મુખમુદ્રાવાળા હતા. પાટીદારોમાં સામાન્ય રીતે દિકરીનો જન્મ આવકારદાયી હોતો નથી પરંતુ, ઝવેરભાઈ આધુનિક વિચારસરણી ધરાવતા હતા એટલે દિકરીનો પણ દિકરા જેટલા લાડકોડથી ઉછેર થવા લાગ્યો. ઝવેરભાઈનું કુટુંબ ખેડા જિલ્લાનાં વીરસદ ગામમાં રહેતું હતું. ઝવેરભાઈ પોતે લીંબડી રાજ્યના દીવાન પદે હતા તેથી બાળપણથી જ ભક્તિબા રાજા સાહેબની કુંવરી સાથે લાડકોડથી મોટા થયા તેઓ રાજદરબારમાં ઉછર્યા. રજવાડી ઠાઠ તેમજ રીતરિવાજથી ઉછેર અને તેમાં પણ તેમના માતા દ્વારા મળેલા સ્વામી નારાયણ સંપ્રદાયના ગાઢ

સંસ્કારને કારણે ભક્તિબાનું વ્યક્તિત્વ વધારે દીપી ઊઠ્યું.

ભક્તિબા લીંબડીના ઠાકોર સાહેબ દોલતસિંહના કુંવરી રૂપાળીબાના મિત્ર હતા. કારણ કે, રૂપાળીબા ત્યાંની રાજકુંવરી અને ભક્તિબા દીવાન સાહેબની પુત્રી હતા. ઝવેરભાઈ ત્યાંના દીવાન પદે હતા. આ બંને પુત્રીઓ સમવયસ્ક અને બંનેને ફાવે પણ સારું. રૂપાળી બા માટે અભ્યાસની ગોઠવણ રાજમહેલમાં કરવામાં આવી ત્યાં રૂપાણીબાની સાથે સાથે ભક્તિબા પણ શિક્ષણ લેતા હતા.. ભક્તિબાના માતા-પિતાએ તેના અભ્યાસ પ્રત્યે ઠીક જાગૃતતા બતાવી. પાંચમા ધોરણ પછી તેમને છઠ્ઠા ધોરણનો અભ્યાસ તેમણે લીંબડીની કન્યાશાળામાં પૂર્ણ કરાવ્યો તેમજ જ્યારે અંગ્રેજી કેળવણીની વાત આવી ત્યારે તેમને એવું લાગ્યું કે ગૃહકાર્ય માટે પુત્રીને યોગ્ય બનાવવી જોઈએ તેથી તેમણે અંગ્રેજી કેળવણીના બદલે ગૃહકાર્ય તરફ ભક્તિબાને વાળ્યા હતા. તે જમાનામાં પુત્રીને બાર તેર વર્ષની થાય ત્યારે તેના લગ્ન કરી દેવામાં આવતા તે સમયે ભક્તિબાના લગ્ન ચૌદ વર્ષની વયે ઈ.સ. ૧૯૧૩માં ઢસા રાય સાંકળીના દરબાર શ્રી ગોપાળદાસ અંબઈદાસ દેસાઈ સાથે થયા હતા.[2]

**જાહેર જીવનમાં પ્રવેશ :**

ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજીનું ભારત આગમન થયું તેની સાથે જ દેશમાં સ્વતંત્રતા માટેની જાગૃતતાનું મોજું ફરી વળ્યું હતું. ઈ.સ. ૧૯૧૯ના 'રોલેટ એક્ટ' સામે દેશવ્યાપી હડતાળ અને એક દિવસના ઉપવાસની ગાંધીજીની હાકલ એ સમગ્ર દેશ માટે નવો જ અનુભવ હતો. તેમની આ નૂતન સત્યાગ્રહ પદ્ધતિએ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને સરદાર પટેલ જેવાં વિવિધ મહાનુભાવોથી માંડીને સામાન્ય પ્રજાજનોને આકર્ષેલા તથા પ્રભાવિત કરેલા તેમાં ઢસા તાલુકાના રાજવી ગોપાળદાસ દેસાઈ પણ આમાંના એક હતા. તેઓ છાપામાં આવતા સમાચાર દ્વારા ગાંધીજીની પ્રવૃતિઓથી માહિતગાર રહેતા અને પોતાની પત્નીને પણ સંભળાવતા. ભક્તિબા પણ પોતે 'નવજીવન' માં આવતા લેખો વાંચતા અને સ્વરાજ્ય પ્રાપ્તી અંગેની લડતની પ્રવૃત્તિઓથી સજ્જ રહેતા હતા. તેમજ દરબાર ગોપાળદાસ ગાંધીજીના વિચારો અને કાર્યશૈલીની અસરમાં આવ્યા. તેઓ પણ લડતમાં જોડાવાનું વિચાર કરી રહ્યા હતા. ભક્તિબાના ભાઈ હરિભાઈ 'હોમરૂલ' ચળવળમાં સક્રિય હતા તેથી ભક્તિબાને ઘણી પ્રેરણા મળતી.

સત્યાગ્રહની લડતમાં એક સત્યાગ્રહી તરીકે જોડાવાની ઈચ્છા તથા ઈરાદાની ભક્તિબાના પિતાને જાણ થઈ ત્યારે તેમણે ભક્તિબાને શક્ય મુસીબતો અને જેલજીવનની યાતનાઓ આદીથી તેમને સાવચેત કરેલા તેમજ દિકરીના દેશ સેવાના અડિખમ નિશ્ચયથી તેમણે મનોમન હર્ષ પણ અનુભવેલો તેમણે તેમની પુત્રીના નિર્ણયની નક્કરતા જાણવા અને ચકાસવા ટકોર પણ કરી હતી અને તેમાં પણ ભક્તિબા ખરા ઊતર્યા હતા. જ્યારે ભક્તિબા પોતાના પિયરમાં હતા ત્યારે સૂવાની તૈયારી થતી હતી ત્યારે ભક્તિબા નોકરને પથારી સરખી કરવાના સંદર્ભે રોષ વ્યક્ત કર્યો ત્યારે પિતાએ આ વાત સાંભળીને કહ્યું કે, જેલમાં તમને સૂવા માટે આવી પથારી ક્યાંથી મળવાની છે? તમારે ચલાવી લેતા શીખવું જોઈએ, પિતાના આ શબ્દોની તેમના મન પર ઘણી ઊંડી અસર થઈ ત્યારથી જ તેમણે પથારી છોડી દીધી અને જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમનો સાદડી ઉપર જ સૂવાનો નિયમ રહ્યો તેમના ભાઈ હરિભાઈ તેમને સમજાવવા માટે આવ્યા ત્યારે ભક્તિબાએ જણાવ્યું કે, 'મુશ્કેલીઓથી અમે સભાન છીએ અમને પૈસાનો શોખ નથી. શારીરિક રીતે મજબૂત છીએ અને મજૂરી કરવા તૈયાર છીએ. દરબાર સાહેબ તેમના નિર્ણયમાં મક્કમ રહે તેમ હું ઈચ્છુ છું'. આમ આવી જ રીતે પતિને પગલે ચાલનારી ભારતીય મહિલાની ભૂમિકાથી આગળ વધીને તેમણે પોતાના પતિને દેશસેવાના કાર્ય માટે પ્રેરિત કર્યા હતા. આમ, ભક્તિબાનો જુસ્સો જોઈને તેમના ભાઈ હરિભાઈ અને કલ્યાણજીભાઈ મહેતા વગેરે આગેવાનોએ તેમને સ્વાતંત્ર્યની લડતમાં સહર્ષ પડવા તેઓને પ્રેરણા આપી.

**સ્વતંત્રતાની ચળવળમાં સહભાગ :**

દરબાર ગોપાળદાસ ગાંધીજીની લડતમાં જોડાયા ત્યારે તેમની સાથે સાથે ભક્તિબા પણ રાજરાણીનો શણગાર ત્યાગી રાષ્ટ્રીય સ્વયં સેવિકા

બની ગયા.[3] તેઓ અશ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, ખાદીપ્રચાર, કોમી એકતા, હિંદી પ્રચાર તથા મહિલાઓની ઉન્નતિ અને કેળવણી વગેરે જેવાં રચનાત્મક કાર્યોમાં પૂરજોશથી કામે લાગી ગયા હતા.[4] ભક્તિબા અને તેમના પતિ ગાંધીજીના ચુસ્ત અનુયાયી હતા તથા તેમણે તેમના માર્ગે ચાલવાનો જીવન સંકલ્પ પણ કરી લીધો હતો. તેઓએ તેમનું આખું જીવન ગાંધી ચીંધ્યા માર્ગે ચાલી સમાજ અને મહિલાઓના ઉન્નતિના કાર્યમાં સમર્પિત કરી દીધું. ભક્તિબાએ ગાંધીજીની અસહકારની ચળવળ, બોરસદની લડત, નાગપૂર ઝંડા સત્યાગ્રહ, મીઠા સત્યાગ્રહ અને હિંદ છોડો ચળવળ વગેરે લડતોમાં જોડાયા હતા. ઈ.સ. ૧૯૨૧ના ડિસેમ્બર મહિનામાં રાષ્ટ્રીય મહાસભા કોંગ્રેસના અમદાવાદના અધિવેશનમાં તેમણે સક્રિય ભાગ ભજવ્યો અને તેઓ લડતમાં જોડાયાં.[5] કાર્યક્ષેત્ર તરીકે ખેડા જિલ્લાની પસંદગી કરતા આણંદ કાર્યકર છાવણીમાં રહ્યા. સરકારે તાલુકો ખાલસા કરી દરબાર સાહેબને તાલુકદાર તરીકે બરતરફ કર્યો. સત્યાગ્રહમાં જોડાતા પહેલા ભક્તિબા આશ્રમી જીવન અને સત્યાગ્રહીના અગિયાર વ્રતોનું પાલન ઈત્યાદિ માટેની તાલીમ લેવા આશ્રમમાં રહેવા ગયા હતા. મણિબહેન અને કસ્તુરબા તથા અન્ય સત્યાગ્રહીની સાથે સાધના કરી તેઓ આણંદ છાવણીમાં આવ્યાં. અહીં તેઓએ દારૂનાં પીઠા અને વિદેશીકાપડની દુકાનો પર પિકેટિંગ તથા લોકજાગૃતિ માટેની પત્રિકાઓ ગામડે ગામડે જઈને વહેંચવી, સરનામા કરી ટપાલ કરવી તેમજ ગ્રામ આરોગ્યને લગતું કામ, ગામડાંની અને જાહેર કૂવાઓની સફાઈ વગેરે કામો તેઓ સરળતાપૂર્વક પાર પાડતા. તેની સાથે સાથે રાસ ગરબા અને દેશભક્તિના ગીતો ગવડાવતા તથા તેના દ્વારા પ્રજાજનોમાં સ્વરાજ અંગે ચેતના ફેલાવતા અને સ્વદેશી વસ્તુઓનો પ્રચાર કાર્ય કરતા.

આણંદ મુકામે ઈ.સ. ૧૯૨૨માં છઠ્ઠી ગુજરાત પરિષદનું આયોજન ભરવા માટે ભક્તિ બાએ તાલુકાનાં ગામોમાંથી ફંડ ઉઘરાવ્યું હતું. અખિલ ભારતીય કોગ્રેસના ગયાના અધિવેશનમાં પણ હાજરી આપી તથા નાગપુર ઝંડા સત્યાગ્રહમાં જોડાયા. ૧૧-૧૨-૧૩ નવેમ્બર, ૧૯૨૨ના રોજ વઢવાણમાં મળેલી કાઠિયાવાડ રાજકીય પરિષદમાં હાજરી આપી. પરિષદમાં હરિજનોને એક તરફ બેસાડતા સરદાર પટેલ અને અન્ય આગેવાનોની સાથે ભક્તિબા પણ મંચ પરથી ઊઠીને હરિજનોની સાથે જઈને બેઠા હતા. આમ, તેમણે પ્રત્યક્ષ અસ્પૃશ્યતા નિવારણનો પાઠ ભણાવ્યો આણંદના સ્વરાજ આશ્રમમાં અને બોરસદ સત્યાગ્રહ આશ્રમમાં ભક્તિબા બધા જ કામો જાતે કરવાનો આગ્રહ રાખતા હતા. તેઓ રસોઈ, વાસણ સફાઈ અને પાણી ભરવું વગેરે કામો કરતા હતા.

આમ, આણંદમાં જાગૃતિનું ઘણું કાર્ય થયું હતું. તેથી પછાત એવા બોરસદ તાલુકામાં કાર્યકરો ગયા અને ત્યાં છાવણીમાં રહેવા લાગ્યા તેમજ રચનાત્મક કાર્ય શરૂ થયા. હૈડિયાવેરાની વિરુદ્ધમાં શરૂ થયેલા બોરસદ સત્યાગ્રહમાં પણ ભક્તિબાએ સક્રિય ભાગ ભજવ્યો. ઈ.સ. ૧૯૨૪ના બેલગામના કોંગ્રેસના અધિવેશનમાં હાજર રહ્યા. શ્રી પ્રાગજીભાઈ લડતમાં પકડાયા તેમને કરાંચીની જેલમાં રાખવામાં આવેલા ત્યાં તેમને મળવા ગોવા-મુંબઈ રહી કરાંચી ગયા હતા. તેમજ ૮-૯ જાન્યુઆરી, ઈ.સ. ૧૯૨૫માં કાઠિયાવાડ રાજકીય પરિષદમાં પણ ભક્તિબા જોડાયા હતા. બોરસદના ગામોમાં ખાદીનો પ્રચાર કાર્ય અને હરિજનોની ઉન્નતિનું કાર્ય કરતા. તે સિવાય પણ સ્વયંસેવકોને જમાડવા, સાચવવા વગેરે કાર્ય કરતા હતાં. સ્વઆચરણથી રચનાત્મક કાર્યોને વેગ આપી ગાંધી વિચારોને ફેલાવી રહ્યા હતા. ઈ.સ. ૧૯૨૬ના ડિસેમ્બર મહિનામાં કોંગ્રેસના ગૌહતી અધિવેશનમાં હાજર રહ્યા.[6]

ઈ.સ. ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહમાં પણ ભક્તિબા જોડાયા હતા. આ સત્યાગ્રહ દરમિયાન તેમણે મહેમાનગતિ કરવી, મહિલાઓને ત્યાગ, દેશભક્તિના પાઠ ભણાવવા રાની પરજની વસ્તીમાં જઈને તેમને તૈયાર કરવાનું કાર્ય કરતા અને સરદાર સાથે ગામડાંની સભામાં જવું વગેરે કામો કરતા. શરૂઆતમાં સ્ત્રીઓ સત્યાગ્રહમાં આગળ આવવા શરમાતી હતી ત્યારે ભક્તિબાએ મણિબેન પટેલ અને મીઠુબેન પિટિટ સાથે મળી તેમને આગળ આવવા

પ્રેરણા આપવાનું ઘણું જ અગત્યનું કાર્ય કર્યું. સમય જતા સત્યાગ્રહમાં મહિલાઓની સંખ્યા પુરૂષો કરતા પણ વધી ગઈ હતી. તે ઉપરાંત સરદાર પટેલના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિ મંડળમાં તેઓ ગર્વનરને પણ મળવા ગયા હતા. સત્યાગ્રહમાં સફળતા મળતા ભક્તિબા બોરસદ આવ્યા.

સવિનય કાનૂન ભંગની અખિલ હિંદ ચળવળના પગલે સૌરાષ્ટ્રમાં ધોલેરા અને વીરમગામમાં સબરસ સત્યાગ્રહ થયા હતા. ગાંધીજીએ દાંડીકૂચમાં મહિલાઓને સામેલ ન કરી. પરંતુ તેમણે મહિલાઓને દારૂના પીઠા અને વિદેશી કાપડની દુકાનો ઉપર પિકેટિંગ કરવા જેવી અગત્યની અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનું કહ્યું હતું. તે વિશે ગાંધીજીએ મહિલાઓને જણાવ્યું કે, "હવે તમે એક જોખમી પરંતુ પવિત્ર કામમાં જોડાવાના છો. તેમાં તમારે નૈતિક અને શારીરિક હિંમત બતાવવી પડશે." ગાંધીજીની અપેક્ષા અનુસાર મહિલાઓએ કામગીરી કરી બતાવી. વળી, મહિલાઓમાં આ લડતમાં ભાગ લેવાની ઉત્સુકતા અને તત્પરતા જોઈ તેમણે કહ્યું કે, "કેટલીક બહેનો સવિનય કાનૂન ભંગની લડતમાં ભાગ લેવા અધીરી થઈ છે એ અધિરાઈ મને ગમે છે. હું માનું છું કે મહિલાઓની પ્રગતિ વિના હિંદુસ્તાન કદી શુદ્ધ સ્વરાજ ભોગવી શકે નહિ.[7] આ લડતમાં અનેક મહિલાઓએ ગાંધીજીના માર્ગે દારૂના પીઠાં અને વિદેશી કાપડની દુકાનો ઉપરનાં પિકેટિંગના કાર્યમાં ખૂબ જ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. રમાબેન છગનલાલ જોશીએ આ લડતમાં સાબરમતી આશ્રમમાંથી આશ્રમવાસી મહિલાઓ સાથે પિકેટિંગના કાર્યમાં જોડાઈ, ધરપકડ વહોરી હતી. કસ્તુરબાએ નવસારી નજીક વિજલપુરમાં સ્થાપેલી સ્ત્રી સ્વરાજ સંઘની વિદેશી કાપડ બહિષ્કાર અને મદ્યપાન નિષેધ કરવાની પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપ્યું હતું.[8] સબરસ સત્યાગ્રહ અંગે પ્રચાર કાર્ય કરતા શ્રીમતી વિજયાબેન મનુભાઈ પંચોલી પકડાયા હતા અને તેમને જેલની સજા થઈ હતી. ગાંધીજીના દત્તક દિકરી લક્ષ્મીબેન આ સત્યાગ્રહમાં જલાલપોર મુકામેથી પકડાયા હતા. તેમણે સાબરમતી અને યરવડામાં છ મહિનાની જેલ ભોગવી હતી.[9] સબરસ સત્યાગ્રહમાં કસ્તુરબેન કવિ, હીરાબેન શેઠ, દેવીબહેન પટ્ટણી, દુર્ગાબેન ભટ્ટ વગેરે મહિલાઓની સાથે ભક્તિલક્ષ્મી દેસાઈએ પણ ભાગ લઈ જેલની સજા પણ ભોગવી હતી.

ઈ.સ. ૧૯૩૦ના મીઠા સત્યાગ્રહમાં છ મહિનાના બારીન્દ્રભાઈને લઈને ભક્તિબા મહિલાઓની સભામાં હાજરી આપવા જતા હતા. ત્યારે ત્યાંથી તેમની ધરપકડ કરી જેલમાં પૂરવામાં આવ્યા. ફરી ઈ.સ. ૧૯૩૨ના સત્યાગ્રહમાં પણ બારીન્દ્રભાઈની સાથે જ ભક્તિબાએ જેલવાસ ભોગવ્યો હતો. જુલમી અને અત્યાચારી સરકારને મહેસૂલ ન ભરવાના પ્રચાર માટે ભાદરણથી આંકલાવ જતા હતા ત્યાંથી તેમને પકડ્યા. 'સી' કલાસમાં દોઢ વર્ષની સજા થઈ હતી.

નવેમ્બર, ૧૯૩૭માં દરબાર સાહેબના પ્રમુખપણા હેઠળ ભરાયેલી કાઠિયાવાડ રાજકીય પરિષદના અધિવેશનમાં હાજરી આપી. ગુજરાતમાં હરિપુરા મુકામે કોંગ્રેસનું અધિવેશન ભરાયું. ત્યાં દરબાર સાહેબ સ્વાગત પ્રમુખ તરીકે હતા. ભક્તિ બા અને મહિલાઓની ટુકડીએ અધિવેશનની કામગીરીમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. ઈ.સ. ૧૯૩૮માં ખેડા જિલ્લામાં વિઠ્ઠલપુરા ગામનું ખાતમુહર્ત દરબાર સાહેબના હસ્તે થયું તે પ્રસંગે પણ ભક્તિ બા સાથે જ હતા.[10]

ઈ.સ. ૧૯૩૮ના રાજકોટના અને ૧૯૩૯ના સત્યાગ્રહમાં સૌરાષ્ટ્રની મહિલાઓએ અપ્રતિમ ધૈર્ય અને શૌર્ય દાખવ્યા હતા. ત્યારે રાજકોટમાં ભક્તિલક્ષ્મી દેસાઈની નેતૃત્વ હેઠળ અભૂતપૂર્વ રીતે મહિલાઓનું મોટું સરઘસ નીકળ્યું હતું. લીંબડી સત્યાગ્રહ વખતે રાજ્યની ગુંડાગીરીથી કર્યા વગર લીંબડીની લડતની વીરાંગનાનું બિરુદ્ધ મેળવનારા ચંચળબેન દવે, પૂર્ણિમાબેન પકવાસા અને અન્ય મહિલાઓની સાથે ભક્તિલક્ષ્મી દેસાઈએ પણ ભાગ લીધો હતો.[11] જ્યારે રાજકોટમાં

ધર્મેન્દ્રસિંહજીના લખલૂંટ ખર્ચને પહોંચી વળવા લોકો પર લાદવામાં આવેલ અન્યાયી કરની વિરુદ્ધમાં ચળવળ ચલાવવામાં આવી તેમાં ભક્તિબા અગ્રેસર રહી ભાગ ભજવ્યો અને કર દૂર કરાવ્યો હતો. લીંમડીમાં દોલતસિંહના દિકરાઓના નિરકુંશ અને બેફામ વહીવટ સામે ચળવળ શરૂ થઈ તેમાં ભક્તિબા જોડાયા તથા ગુંડાઓનો સામનો કર્યો હતો. ઉપરાંત, લીંબડીમાં કાઠિયાવાડ રાજકીય પરિષદનું અધિવેશન દરબાર ગોપાળદાસ સાહેબના પ્રમુખપણા હેઠળ અનેકવિધ તકલીફોનો સામનો કરી યોજ્યું હતું. છેવટે રાજવીઓ સાથે સમાધાન થયું.

ઈ.સ. ૧૯૪૦ના વ્યક્તિગત સત્યાગ્રહમાં જોડાયા અને જેલની સજા પણ થઈ હતી. વ્યક્તિગત સત્યાગ્રહમાં સામેલ થવા માટે દરબાર સાહેબ અને ભક્તિ બા ઘણા જ ઉત્સુક હતા. વિનોબા ભાવે પ્રથમ સત્યાગ્રહી હતા. તેમના પકડાયા બાદ સરદાર પટેલ પણ પકડાયા તેમના પગલે-પગલે ભક્તિ બા અને દરબાર સાહેબ પણ તેમાં જોડાયા. આ સત્યાગ્રહમાં સહભાગી થવા માટે અમુક ચોક્કસ શરતોનું પાલન કરવાનું હોય છે તે શરતોનું પાલન ભક્તિ બા કરતા હતા. તેથી તેઓ તેમાં સહભાગી થયા અને વિદેશી સરકારને કોઈ સહકાર ન આપવો તેવો પ્રચાર શરૂ કર્યો. આના લીધે ભક્તિ બા પકડાયા અને સાબરમતી જેલમાં લાવવામાં આવ્યા. સરદાર પટેલે જે મહિલા નેતાઓને કાર્ય સોંપેલું તેમાં ભક્તિ બા પણ હતા. જે શરૂઆતમાં તો કોઈ પણ કામ આવી પડે તો ગુંચવાતા હતા. પરંતુ સમય જતા તેઓ સામે ચાલીને કામ માગતા થયા જે સરદારે આપેલી નેતૃત્વગીરીનો ઉમદા ગુણ કહેવાય.[12]

ઈ.સ. ૧૯૪૨ની 'હિંદ છોડો'ની લડતમાં અનેકવિધ મહિલાઓએ ગર્વભેર અને ગૌરવભેર ભાગ લઈ આઝાદીની ચળવળને સફળતા અપાવવામાં અગત્યની ભૂમિકા ભજવી. ભક્તિબા દેસાઈ આ લડતમાં જોડાયા અને જેલવાસી થયા.

**ઉપસંહાર :**

આમ, રાષ્ટ્રના મુક્તિ સંગ્રામમાં ગુજરાતની મહિલાઓએ હોંશભેર સક્રિય ભાગ લીધો હતો. સંગ્રામના પ્રારંભે તેઓ પોતાના પતિ, ભાઈ, પિતા કે પુત્રની સાથે રહીને સંગ્રામમાં જોડાઈ હતી. પરંતુ પછીથી સ્વતંત્ર રીતે પણ અનેકવાર સંગ્રામમાં ભાગ લીધો હતો. સત્યાગ્રહની લડત ચાલુ ન હોય ત્યારે ગાંધીજીની સૂચના અનુસાર પુરૂષો તેમજ મહિલાઓએ અશ્પૃશ્યતા નિવારણ, સ્વદેશી વસ્તુઓનો પ્રચાર, ખાદીકામ, મદ્યનિષેધ, વિદેશી કાપડ બહિષ્કાર, રાષ્ટ્રભાષાનો પ્રચાર, શિક્ષણનો પ્રચાર વગેરે જેવા રચનાત્મક કાર્યોમાં ધ્યાન આપ્યું હતું. તેમાં પણ મહિલાઓ પુરૂષો સાથે ખભેખભા મિલાવીને છેવટે સુધી કાર્યશીલ રહી હતી. બંને કાર્યમાં તેમનો ઉત્સાહ અને ઉત્કટતા તથા રાષ્ટ્ર ભક્તિ અને સ્વાર્પણ છલોછલ ભરેલ હતો. ભક્તિ બા દેસાઈએ તેમનું સમગ્ર જીવન મા – ભોમની સેવામાં જ વિતાવ્યું. ભક્તિબાએ ગાંધી વિચારોને અનુસરીને તેમના રચનાત્મક કાર્યોને વેગ આપ્યો, તેમણે ઘરની ચાર દિવાલોમાં પુરાયેલી બહેનોને બહાર કાઢી રચનાત્મક કાર્ય તરફ વાળી. ભક્તિ બાએ એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા. તેઓ સેવા, ત્યાગ અને તપનો આદર્શ ગણાતા. પોતાની માતૃભૂમિ માટે સર્વસ્વનો ત્યાગ કરનાર ભક્તિલક્ષ્મી દેસાઈનું યોગદાન અનન્ય, અજોડ, અપ્રતિમ અને અવિસ્મરણીય હતું. ભક્તિલક્ષ્મીએ સ્વાતંત્ર્ય સંગ્રામની જુદી જુદી લડતોમાં ભાગ લઈ જેલવાસ પણ ભોગવ્યો. લડત દરમિયાન તેમણે ગાંધીજીએ બહેનો માટે નક્કી કરેલા રચનાત્મક કાર્યો જેવા કે, દારૂ અને વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ પ્રવૃત્તિ, ખાદીનો પ્રચાર વગેરેમાં ભક્તિ બા અતપ્રોત બન્યા. મહિલાઓને સત્યાગ્રહ માટે તૈયાર કરવાનું ખૂબ જ અગત્યનું કાર્ય કર્યું. વંશ પરંપરાનો રાજપાટ છોડીને પોતાની માતૃભૂમિ માટે સેવા કરી. તપ, ત્યાગ, શીલ, દેશપ્રેમ વગેરે જેવા ગુણો ભક્તિબા ધરાવતા હતા. ગાંધી વિચારોને માર્ગે ચાલનાર આવા પ્રેમાળ ત્યાગમૂર્તિ ભારતીય સ્વાતંત્ર્ય સેનાની ભક્તિલક્ષ્મીનું અવસાન ૧૪ માર્ચ ૧૯૯૪ના રોજ થયું હતું.

**પાદનોંધ :**

૧. શુક્લ, જયકુમાર, ગુજરાતના સ્વાતંત્ર્ય સૈનિકો-માહિતીકોષ, ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૯૮, પૃ. ૧૪૦

૨. ઠાકર, ધીરુભાઈ, ગુજરાતી વિશ્વકોશ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ૨૦૦૨, પૃ. ૮૫૮

૩. શાહ, જયાબેન વજુભાઈ, સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સૈનિકો અને લડતો, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટ, રાજકોટ, ૧૯૮૮, પૃ. ૨૧૫

૪. પટેલ, મોહનભાઈ (સં), ધન્ય ધરા ચરોતરની ભાગ- ૨, પૃ. ૧૦૭

૫. શુક્લ, જયકુમાર, પૂર્વોકત ગ્રંથ, પૃ. ૧૪૦

૬. વાઘેલા, ઈશ્વર, સ્વાતંત્ર્ય સંગ્રામની સબળાઓ, ૨૦૦૬, પૃ. ૩

૭. ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૪૩, પૃ. ૨૧૫

૮. ગુજરાતની અસ્મિતાના જયોતિધરો, ગાંધીનગર, ૧૯૯૨, પૃ. ૧૧૫

૯. શાહ, જયાબેન, પૂર્વોકત ગ્રંથ, પૃ. ૩૨૩

૧૦. વાઘેલા, ઈશ્વર, પૂર્વોકત ગ્રંથ, પૃ. ૪

૧૧. જાની, એસ.વી. – લેખ, સૌરાષ્ટ્રના મહિલા કાર્યકરો અને સંસ્થાઓ (વીસમી સદી) : એક સમીક્ષા

૧૨. જોષી, સતીષચંદ્ર, તપોમૂર્તિ ભક્તિબાનો સેવાયજ્ઞ વસો, ૧૯૮૨, પૃ. ૧૬૯